### સ્મિમેર હોસ્પિ.માં થાઈ ગર્લ બોલાવનાર ડોક્ટરનાં કાળાં કરતૂત

# જુનિયર ડોક્ટરને દોડાવી દોડાવીને માર માર્યો હતો, ૬ મહિના સસ્પેન્ડ થયો છતાં સુધર્યો નહીં

● સુરત

ડોક્ટરને ભગવાનનું બિરુદ આપવામાં આવ્યું છે, પરંતુ સુરતમાં એક ડોક્ટર એને લાંછન લગાડી રહ્યો છે. ડોક્ટર બની ક્યારેક દાદાગીરી કરે છે તો ક્યારેક રંગરેલિયા મનાવવા માટે હોસ્પિટલમાં કોઈની શેહશરમ રાખ્યા વિના થાઈ ગર્લને બોલાવે છે. પોતાના મનનું ધાર્યું કરી હોસ્પિટલમાં ધાક જમાવી રહ્યો છે. આ ડોક્ટર બીજો કોઈ નહીં, પણ સ્મિમેર હોસ્પિટલમાં રેસિડેન્ટ ડોક્ટર તરીકે ફરજ બજાવતો ઋત્વિક દરજી છે. હજુ ૧૦ મહિના પહેલાં જ જુનિયર ડોક્ટરને હોસ્પિટલમાં દોડાવી દોડાવીને માર્યો હતો, જેથી હોસ્પિટલે તેને ૬ મહિના માટે સસ્પેન્ડ કર્યો હતો. જોકે છતાં આ ડોક્ટર સુધરવાનું નામ લેતો નથી. તાજેતરમાં જ તેણે રંગરેલિયા મનાવવા માટે થાઈ ગર્લ બોલાવી હતી. બીજી તરફ હોસ્પિટલ તંત્ર પણ તેની સામે ઘૂંટણિયે પડી ગયું હોય એમ તેને પાઠ ભણાવવામાં વામણું પુરવાર થઈ રહ્યું છે.સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મિમેર હોસ્પિટલ સતત વિવાદોના મધપૂડામાં ઘેરાયેલી રહે છે. એમાંય ઓર્થોપેડિક વિભાગ વિવાદોનો પર્યાય બની ગયો છે. ઓર્થોપેડિક વિભાગના એક રેસિડેન્ટ ડોક્ટર ઋત્વિક દરજીના કારણે આબરૂના ધજાગરા થઈ રહ્યા છે.

સ્મિમેર હોસ્પિટલની ઓર્થોપેડિક વિભાગને વારંવાર વિવાદોમાં લાવનારા અન્ય કોઈ નહીં, પરંતુ અહીંના કેટલાક રેસિડેન્ટ ડોક્ટરોની જ ભૂમિકા રહે છે. ક્યારેક જુનિયર સાથે રેગિંગ કરવું તો ક્યારેક દર્દીઓ સાથે ઉદ્ધતાઈભર્યું વર્તન કરવું, એટલું ઓછું હોય તેમ અમુક રેસિડેન્ટ ડોક્ટર સામે દારૂ પીતા હોવાના પણ આક્ષેપો થયા છે. આટલા વિવાદો વચ્ચે હવે વધુ એક ડોક્ટર પર ગંભીર આક્ષેપો થયા છે.




ગત શનિવારની મોડીરાત્રે સ્મિમેર હોસ્પિટલના કોલેજ કેમ્પસમાં આવેલી હોસ્ટેલમાં એક રેસિડેન્ટ ડોક્ટર દ્વારા કથિત રીતે રંગરેલિયા મનાવવા માટે થાઈ ગર્લને બોલાવવામાં આવી હતી. જોકે ત્યારે કોઈ કારણસર તેની સાથે ઝગડો થતાં રેસિડેન્ટ ડોક્ટરે થાઈ ગર્લને તમાચો મારી દીધો હતો. એને લઈને અસ્તવ્યસ્ત હાલતમાં થાઈ ગર્લ હોસ્ટેલના રૂમમાંથી ભાગી હતી. એને લઈને આખો મામલો તંત્રની સામે આવ્યો હતો. રેસિડેન્ટ ડોક્ટર ઋત્વિક આ થાઈ ગર્લને હોસ્ટેલમાં લાવ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

આ અંગે હોસ્પિટલના ડીન ડો. દીપક હોવલેએ જણાવ્યું હતું કે ઓર્થોપેડિક વિભાગના રેસિડેન્ટ ડો. ઋત્વિક દરજી સામે બહારથી કોઈ વિદેશી છોકરીને હોસ્ટેલમાં બોલાવવાના આક્ષેપો થયા છે. જોકે આ સમગ્ર મામલો શું છે એની તપાસ કરવામાં માટે પાંચથી સાત સભ્યની એક તપાસ કમિટી બનાવવામાં આવી છે. કમિટીના સભ્યો તપાસ કરી બે-ત્રણ દિવસમાં રિપોર્ટ આપશે, એના આધારે આગળની કાર્યવાહી થશે.સ્મિમેર હોસ્પિટલનો ઓર્થોપેડિક વિભાગ ૧૦ મહિના પહેલાં ૧ ઓગસ્ટ ૨૦૨૩માં વિવાદમાં આવ્યો હતો. જે-તે દિવસે મોડીરાત્રે ઓર્થોપેડિક વિભાગના સિનિયર રેસિડેન્ટ ડોક્ટર ઋત્વિક દરજીએ જુનિયર રેસિડેન્ટને ત્રીજા માળે આવેલા વોર્ડથી છેક બીજા માળ સુધી દોડાવી-દોડાવીને ફટકાર્યો હતો. જુનિયર રેસિડેન્ટ ડોક્ટરની બચાવો-બચાવોની બૂમો સાંભળી સિક્યોરિટી માર્શલ અને વોર્ડબોયે દોડી આવી તેને બચાવ્યો હતો. રાત્રે જ આખો મામલો આરએમઓ, વિભાગન ઈન્ચાર્જ વડા અને યુનિટ વડા સુધી પહોંચી ગયો હતો.

સિનિયર દ્વારા જુનિયરને માર મારવાની આ ઘટના અંગે બીજા દિવસે સવાર સુધી ડીન અને સુપરિન્ટેન્ડન્ટને અંધારામાં રાખવામાં આવ્યા હતા. જુનિયર રેસિડેન્ટનું સિનિયર રેસિડેન્ટ સાથે સમાધાન થઈ ગયાના નામે આખો મામલો રફેદફે કરવાની ગણતરી સાથે વિભાગના તબીબી અધિકારીઓએ ડીન અને સુપરિન્ટેન્ડેન્ટને અંધારામાં રાખ્યા હતા. જ્યારે તબીબી અધિકારીઓના એક જૂથ દ્વારા આ બંને રેસિડેન્ટ ડોક્ટર વચ્ચે વ્યક્તિગત વિવાદ હોવાનું કહી બચાવ કરવામાં આવી રહ્યો હતો છતાં પણ સમગ્ર પ્રકરણ અંગે સ્મિમેરના જવાબદારોએ તપાસ શરૂ કરી હતી.

જુનિયરને ફટકારના રા સિનિયર રેસિડેન્ટે અઠવાડિયા અગાઉ પણ વિવાદ કર્યો હતો. તેણે અઠવાડિયા અગાઉ પણ આ જુનિયર રેસિડેન્ટને માર માર્યો હતો. જોકે જે-તે સમયે વાત આગળ વધી નહોતી, પરંતુ ૧ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ ત્રીજા અને બીજા માળના પેસેજમાં આ ઘટના બની હોઈ સિક્યોરિટીના માર્શલ અને વોર્ડ બોયને જુનિયરને બચાવવા દોડવું પડ્યું હતું. સિનિયર ડોક્ટર ઋત્વિક દરજી જુનિયર ડો. નિર્મલ પટેલને દોડાવીને માર મારતાં હોબાળો થયો હતો. ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી.

ડીનને ફરિયાદ થતાં તપાસ માટે સિનિયર તબીબોની ટીમ બનાવાઈ હતી. તપાસમાં ડોક્ટર ઋત્વિક દરજી કસૂરવાર ઠેરવીને સ્ટુડન્ટ કોડ ઓફ કન્ડક્ટ મુજબ એક ટર્મ (છ મહિના) માટે સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો. જુનિયર ડો. નિર્મલ પટેલને ચેતવણી અપાઈ હતી કે ભવિષ્યમાં આવી કોઈપણ મારામારીની ઘટના બને તો એમા સંડોવાયા વગર પહેલા તમારા પ્રોફેસર, યુનિટ હેડને લેખિત અથવા મૌખિક જાણ કરવી, જેથી ઘટના કોઈપણ રેસિડેન્ટ ડોક્ટરો કે સ્ટાફ સાથે બને નહીં. ભવિષ્યમાં આવી ઘટનાનું પુનરાવર્તન ન થાય એ માટે તાકીદ કરવામાં આવી હતી.ઓગસ્ટ ૨૦૨૩થી ઋત્વિક દરજી ૬ મહિના માટે સસ્પેન્ડ હતો. જોકે ૩ મહિના પહેલાં જ પરત થયો હતો. દરમિયાન ગત શનિવારની રાત્રે ઋત્વિક દરજી થાઈ ગર્લને હોસ્ટેલના રૂમમાં લાવ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ સાથે જ થાઈ ગર્લને તમાચા પણ મારી દીધા હતા. એને પગલે સમસમી ઊઠેલી થાઈ ગર્લ પોતાનાં અસ્તવ્યસ્ત કપડાં હોવા છતાં રૂમમાંથી બહાર કેમ્પસમાં ભાગી ગઈ હતી. એને પગલે હોસ્ટેલના અન્ય ડોક્ટરો, સ્ટાફ વગેરે પણ બહાર દોડી આવ્યા હતા અને ભારે હોહા મચી ગઈ હતી.

પોતે ક્ષોભજનક સ્થિતિમાં હોવા છતાં ગભરાય ગયેલી આ થાઈ ગર્લ નજીકના સિક્યોરિટી ગાર્ડ અને બાદમાં સ્મિમેરમાં તહેનાત પોલીસકર્મીઓ પાસે પહોંચી ગઈ હતી. બ્લેક કલરના અત્યંત પારદર્શક વસ્ત્રો પહેરેલી આ યુવતીને જોઈ સૌકોઈ શરમાય ગયા હતા. અંગ્રેજીમાં વાતચીત કરતી આ યુવતીએ ઓર્થો.ના રેસિડેન્ટ ડોક્ટર વિરુદ્ધ ફરિયાદ કરી હતી. નાઈટ ડ્યૂટીમાં હાજર આરએમઓ સહિતના ઉચ્ચ તબીબી અધિકારીઓ પણ ત્યાં ધસી ગયા હતા.

રેસિડન્ટે થાઈ ગર્લને હોસ્ટેલમાં બોલાવી અને બાદમાં બંને વચ્ચે થયેલી માથાકૂટની વાત વાયુવેગે કોલેજ અને હોસ્પિટલ વર્તુળમાં પ્રસરી ગઈ હતી. સ્મિમેરની આબરૂનું લિલામ કરનારી આ ઘટના મધરાત્રે વરાછા પોલીસ મથકે પહોંચી હતી. જોકે થાઈ ગર્લે ફરિયાદ આપી ન હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે તપાસ કમિટી દ્વારા તપાસ બાદ આગળ પગલાં લેવાશે.

ઋત્વિક દરજી પહેલા ૬ મહિના સસ્પેન્ડ થઈ ચૂક્યો છે. હાલ તે ઓર્થોના ફાઈનલ યરમાં અભ્યાસ કરી રહ્યો છે. ત્યારે જો ઋત્વિક દરજી કસૂરવાર ઠરે તો કડકમાં કડક સજા થાય એવી શક્યતા જોવાઈ રહી છે. સ્મિમેર મેડિકલ કોલેજના કોઈ થાઈ ગર્લને હોસ્ટેલમાં લાવવામાં આવી હોય એવી આ લગભગ પહેલી ઘટના છે. જેથી કસૂરવાર વિરુદ્ધ બીજા રેસિડેન્ટ તબીબોમાં દાખલો બેસે એવી સજા કરવામાં આવે એવી પણ શક્યતા છે.

# દેવભૂમિ દ્વારકાના મોજપ પાસેથી ૧૧ કરોડનું ચરસ ઝડપાયું, બે દિવસ પૂર્વે ૧૬ કરોડનું ડ્રગ્સ ઝડપાયું હતું

● દ્વારકા,તા.૧૧

દેવભૂમિ દ્વારકાના મોજપ પાસેથી ૧૧ કરોડનું ચરસ ઝડપાયું. ૨૧ કિલોના ૨૦ પેકેટ બિનવારસી હાલતમાં મળ્યા. પોલીસ વડા નિતેશ પાંડેની આગેવાનીમાં કાર્યવાહી કરવામાં આવશે. દ્વારકા જિલ્લાના મોજપ ગામેથી બિનવારસી હાલતમાં ૨૦ પેકેટમાં ૨૧ કિલો જેટલો ૧૧ કરોડ રૂપિયાનો ચરસનો વિશાળ જથ્થો પકડાયો છે.

આ ઘટનાના પગલે મોજપ ગામ તથા આજુબાજુમાં જિલ્લા પોલીસવડા નિતેશ પાંડેના માર્ગદર્શન હેઠળ ડીવાયએસપી હાર્દિક પ્રજાપતિ, ડીવાયએસપી સાગર રાઠોડ તથા એલસીબી પીઆઈ કે.કે. ગોહેલ, એસઓજી ઈન્ચાર્જ પીઆઈ સીંગરખીયા, દ્વારકા પોલીસની ટીમ સહિતના સ્ટાફે ટીમો બનાવી સર્ચ ઓપરેશન હાથ ધર્યુ છે. બે-ત્રણ દિ'વસ પૂર્વે દરિયા કિનારેથી ૧૬ કરોડનું ૩૨ કિલો ચરસ પકડાયેલ. ફરી ચરસ પકડાતા જીલ્લા પોલીસ વડા નિતેશ પાંડે દ્વારા ઉચ્ચસ્તરીય બેઠક યોજી તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે.

હજી બે દિવસ પહેલાં ગુજરાતની દ્વારકા પોલીસે ૧૬ કરોડથી વધુની કિંમતનો ડ્રગ્સ જપ્ત કર્યો હતો. મળતી માહિતી મુજબ, દ્વારકા નજીકના વરવાળા ગામના દરિયા કિનારેથી આ ડ્રગ્સ ઝડપાયું હતું. પોલીસની ટીમ દરિયાકિનારે પેટ્રોલિંગ કરી રહી હતી ત્યારે તેમને પેકેટો નજરે પડ્યા હતા. નજીકથી નિરીક્ષણ કરતાં તે ચોંકી ગયા. ફોરેન્સિક ટીમને તાત્કાલિક સ્થળ પર બોલાવવામાં આવી હતી.

હાલ પોલીસ ડ્રગ્સ માફિયાઓ અંગે તપાસ કરી રહી છે. ૧૬ કરોડથી વધુની કિંમતની દવાઓ બીચ પર ત્યજી દેવાયેલી મળી આવી છે. આ બધું પ્લાસ્ટિકના પેકેટમાં ભરેલું હતું. સ્થળ પરથી આવા ૩૦ પેકેટ મળી આવ્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે ત્યાંથી ઉચ્ચ ગુણવત્તાની અફઘાન હશીશ મળી આવી હતી. પોલીસ આ કેસની તપાસ કરી રહી છે

એસપી નિતેશ પાંડેએ જણાવ્યું હતું કે ફોરેન્સિક લેબના અધિકારીઓને તપાસ માટે બોલાવવામાં આવ્યા હતા અને તેમને જાણવા મળ્યું હતું કે આ પેકેટોમાં ૩૨ કિલો હશીશ છે, જેની કિંમત આંતરરાષ્ટ્રીય બજારમાં ૧૬ કરોડ રૂપિયા છે. એનડીપીએસ એક્ટ હેઠળ દ્વારકા પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધવામાં આવી છે. અધિકારીએ કહ્યું કે પ્રાથમિક દ્રષ્ટિએ ડ્રગ ઊંડા સમુદ્રમાંથી કિનારે વહી જવાની સંભાવના છે.

પેકેટોની તપાસ કરવા પર, ફોરેન્સિક ટીમમાં સામેલ અધિકારીઓએ શોધી કાઢ્યું કે તે ૩૨.૦૫ કિલો વજનનું ઉચ્ચ ગુણવત્તાનું પ્રતિબંધિત છે. એપ્રિલ માસની શરૂઆતમાં દ્વારકા પોલીસે વરવાળા ગામના દરિયાકાંઠાના વિસ્તારમાંથી રૂ. ૫૨ લાખની કિંમતનો એક કિલોગ્રામ હશીશ ઝડપ્યો હતો. આ મામલે અજાણ્યા લોકો સામે કેસ નોંધવામાં આવ્યો છે.

ફેબ્રુઆરી મહિનામાં, ભારતીય નૌકાદળ અને નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો વચ્ચેના સંયુક્ત ઓપરેશનમાં, પોરબંદરના દરિયાકાંઠેથી ૩,૩૦૦ કિલો ડ્રગ્સનું કન્સાઈનમેન્ટ જપ્ત કરવામાં આવ્યું હતું. નૌકાદળના જણાવ્યા અનુસાર, ઓપરેશનમાં ૩,૦૮૯ કિલોગ્રામ હશીશ, ૧૫૮ કિલો મેથામ્ફેટામાઈન અને ૨૫ કિલો મોર્ફિન જપ્ત કરવામાં આવ્યું હતું. છેલ્લા કેટલાક વર્ષોમાં, ઘણી રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરની એજન્સીઓએ ગુજરાતમાં જંગી માત્રામાં માદક દ્રવ્યોનો જથ્થો જપ્ત કર્યો છે. મોટાભાગે, ગુજરાતના કચ્છ, જામનગર, સૌરાષ્ટ્રના કેટલાક સ્થળો, દરિયા કિનારે અને દક્ષિણ ગુજરાતમાં ડ્રગ્સના મોટા કન્સાઈનમેન્ટ જપ્ત કરવામાં આવ્યા હતા.

# કંડલા ટિમ્બર એસોસીએશન ખાતે ભારત-ઈસ્ટોનિયા વચ્ચે ટિમ્બર વ્યાપાર અંગે ચર્ચા

● ભુજ,તા.૧૧

એશિયાનો સૌથી મોટો ટિમ્બર ઉદ્યોગ ગાંધીધામ સંકુલમાં ધમધમી રહ્યો છે અને મોટી સંખ્યામાં પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારી પણ આ ઉદ્યોગઆપી રહ્યો છે. પાઈન વૂડના અનેક એકમો ગાંધીધામ, ભચાઉઅંજાર ખાતેના એકમમાં કાર્યરત છે ત્યારે કંડલાના ટિમ્બર ઉદ્યોગમાં યુરોપીયન દેશના જુથ સાથે જોડાયેલા ઈસ્ટોનિયા અને ભારત વચ્ચેપાઈન વૂડનો વેપાર કે જે હાલ ન બરાબર છે તેમાં વૃધ્ધી આવે તે બાબત સંદર્ભે ઈસ્ટોનિયાના પ્રતિનિધિ મંડળે કંડલા ટિમ્બર એસોસીએશન ખાતે અને પાઈન એકમોની મુલાકાત લીધી હતી અને ઉદ્યોગકારો સાથે યોજાયેલી બેઠકમાં ભારત સ્થિત રાજદુત દ્વારા વિશેષ માહિતી ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. ઈસ્ટોનિયાના ભારત સ્થિત રાજદુત માર્જે લુપે ઉદ્યોગકારોને સંબોધતા દેશની વિશેષતા તેમજ ભારત અને ઈસ્ટોનિયાના દ્વિપક્ષીય સંબંધો વિશે માહિતી આપી હતી . તેમણે ૪૦૦૦ ભારતીયને ઈ - રેસીડન્સ મેળવ્યું છે અને ૨૦૦ જેટલા વિદ્યાર્થી રહેતા હોવાનું જણાવ્યું હતું . આ વેળાએ ભારત સાથેના નિકાસમાં નોંધપાત્ર વધારો થયો હોવાનું જણાવ્યું હતું . આ પુર્વે સવારે ચેમ્બર ઓફ કોમર્સના પદાધિકારીઓ , ટિમ્બરના વેપારીઓ સહિત ૧૨ સભ્યનું પ્રતિનિધિ મંડળ આજે ગાંધીધામ આવી પહોંચ્યું હતું . તાજેતરમાં કંડલા ટિમ્બર એસોસીએશનનું પ્રતિનિધિ મંડળ યુરોપના દેશો સાથે વ્યાપાર વૃધ્ધી સંદર્ભે ઈસ્ટોનિયાની મુલાકાતે ગયું હતું . તે સંદર્ભે આજે ત્યાંના પ્રતિનિધિ મંડળે આજે કંડલાના ટિમ્બર એકમ સાથે મુલાકાત કરી હતી . કંડલા ટિમ્બર એસોસીએશન ભવન ખાતે પ્રતિનિધિ મંડળને ભારતીય પરંપરા મુજબ આવકારવામાં આવ્યા હતા . કંડલા ટિમ્બર એસોસીએશનના પ્રમુખ નવનીત ગજ્જરે સૌ સભ્યોને આવકારી ઈસ્ટોનિયા અને ભારત વચ્ચે પાઈન વુડનો વ્યવહાર વધે તે માટે આશાવાદી હોવાની લાગણી વ્યકત કરી હતી . હાલ કંડલા ખાતે ચાર કે પાંચ દેશમાંથી પાઈન વૂડ આવે છે ત્યારે ઈસ્ટોનિયાની ઓછા ભાવે પાઈન વુડ મળે તે અંગે દેશના સબંધીત વહીવટી તંત્ર સમક્ષ પ્રસ્તાવ મુકવા અનુરોધ કર્યો હતો . ટિમ્બર એસોસીએશન ખાતે બેઠક પુર્ણ થયા બાદ અંજાર તાલુકાના વરસાણા સ્થિત કોસ્ટા ટિમ્બરની મુલાકાત લીધી હતી . ઓલ ઈન્ડિયા ટીમ્બર સંગઠનના પુર્વ પ્રમુખ અને કોસ્ટા ટિમ્બરના નવલ કેડીયાએ પ્રતિનિધિ મંડળને આવકારી પોતાના એકમ વિષે વાત કરી હતી . તેમણે ઈસ્ટોનિયા સાથેનો વ્યાપાર કયા ક્ષેત્રમાં સ્થાપિત થઈ શકે તેની શકયતા તપાસવા માટે એકમની મુલાકાત પ્રતિનિધિ મંડળને કરાવાઈ હોવાનું જણાવ્યું હતું . તેમણે બી ટુ બી જોડાણ કરવા અંગે પ્રતિબધ્ધતા વ્યકત કરી હતી . પ્રતિનિધિ મંડળના સભ્યો એકમની મુલાકાત લઈ તેના પાઈન વુડ અંગેના ઉત્પાદનો નિહાળીને અભિભુત થયા હતા . આ મુલાકાત દરમ્યાન કોસ્ટા વુડના દિલીપ કેડીયા , કંડલા ટીમ્બર એસોસીએશનના ઉપપ્રમુખ હેમચંદ્ર યાદવ , મંત્રી ધર્મેશ સી . જોષી , સહમંત્રી સંજીવ ગુપ્તા , ખજાનચી ભરત પટેલ , ખજાનચી પ્રવિણ પટેલ ટીનુ ગાંધી વિગેરે ઉપસ્થિત રહ્યા હતા . અત્રે ઉલ્લેખનીય છે કે કંડલામાં ન્યુઝીલેન્ડ , ઉરૂગ્વે સહિતના દેશમાંથી પાઈન વુડ આવે છે . ન્યુઝીલેન્ડનું જંગલ પ્લાન્ટેડ છે જયારે ઈસ્ટોનીયાનું જંગલ કુદરતી છે જેથી ત્યાંના લાકડાની ગુણવતા અન્ય દેશના પાઈન વુડ કરતા અનેકગણી છે . હાલ પાઈન વુડના ૧૦ જહાજમાંથી બે જહાજ ઈસ્ટોનીયાના આવે તે જરૂરી હોવાનું ટિમ્બર ઉદ્યોગકારો જણાવી રહ્યા છે .

# દ્વારકાધીશ જગતમંદિરના જીર્ણોદ્ધારની તૈયારી પુરાતત્વ વિભાગે શિલ્પ કલાઓનું સ્કેનીંગ કર્યું

● દ્વારકા,તા.૧૧

ભારતના પશ્ચિમ છેવાડે હજારો વર્ષ પુર્વે ભગવાન શ્રીકૃષ્ણે વસાવેલી દ્વારકા નગરીમાં ભગવાન દ્વારકાધીશ જગતમંદિરના શિખરના જીર્ણોદ્ધારની વારંવાર રજુઆતો કરાયા બાદ ભારતીય પુરાતત્વ વિભાગ દ્વારા મંદિર શિખરના જર્જરીત ભાગોના પુનઃ જીર્ણોદ્ધાર માટેની કામગીરીનો પ્રારંભ કરતા પ્રાથમિક તબકક કામગીરી હાથ ધરી હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

ગૌમતી નદીની ઉતરે સમુદ્રની સપાટીથી ૭૦ ફુટની ઉંચાઈએ પરિચમાભિમુખ મંદિર જમીન સપાટીથી લગભગ ૧૫૦ ફુટ ઉંચુ મુખ્ય શિખર ધરાવે છે. જયાં બાવન ગજની ધજા લહેરાય છે. હાલનું દ્રશ્યમાન શ્રી દ્વારકાધીશજીનું જગતમંદિર સાત માળનું છે તે સમુદ્રની સપાટીથી ૪૫ ફુટ ઉંચે છે જયાં પહોંચવા માટે છપ્પન સીડી ચડવી પડે છે.મંદિરનાં ચોગાનથી સુવર્ણ કળશ સુધીની ઉંચાઈ ૧૨૬ ફુટ છે. આ મંદિર વિમાનગૃહ, ભદ્રપીઠ, લાડવામંડપ અને અર્ધમંડપ એમ ચાર વિભાગમાં વહેંચાયેલું છે. મંદિરની પૂર્વ-પશ્ચિમ લંબાઈ ૮૮ ફુટ છે. ઉતર દક્ષિણ પહોળાઈ ૭૦ ફુટ છે. એક જ શિલામાંથી કોતરેલા ૭૨ સ્તંભો ઉપર આ મંદિરની ઈમારત ઉભી છે. મંદિર ઉપરનો ધ્વજ સ્તંભ ૨૫ ફુટનો છે તેની ઉપર ૨૦ ફુટના ધ્વજ દંડમાં બાવન ગજ કાપડની સૂર્ય-ચંદ્રના નિશાનવાળી સફેદ-પચરંગી ધ્વજા દ્વારકાના નિલરંગી આકાશમાં અહર્નિશ લહેરાયા કરે છે.ભારતીય પુરાતત્વ વિભાગની દિલ્હી સ્થિત વડી કચેરીના ડીરેકટર જનરલ વાય. એમ.રાવતના માર્ગદર્શન અને સૂચના મુજબ રાજકોટ ખાતેની ભારતીય પુરાતત્વ વિભાગની સર્કલ કચેરીના માર્ગદર્શન હેઠળ આર્કોલોજીની ટીમના આઠ જેટલા એન્જીનીયર્સ તાજેતરમાં જગતમંદિરના ફલોરીંગથી લઈને લાડવા ડેરા તથા શક્તિ માતાજીના મંદિર સુધીના મજલા અને ધ્વજાજીના દંડ સુધીના મજલા ઉપર ત્રણ ટીમ બનાવીને ૭૦૦ ડીગ્રી સહિતના સાધનો સાથે હાલની મંદિરની કંડોરાયેલી શિલ્પ કલાઓનું સ્કેનીંગ કરાયું છે અને આ સ્કેનીંગ કરેલા ડેટા આધારે થયેલા મંદિરના જીર્ણ થયેલ વિવિધ ભાગોનું સ્થાપિત પથ્થરોને અનુરૂપ મંદિરનો પુનઃ જીર્ણોદ્ધાર થાય તેના ઉપર પૂરતું ધ્યાન કેન્દ્રીત કરવામાં આવનાર હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.જગતમંદિરના કલોરિંગમાં પથરાયેલા કલાત્મક પથ્થરો જે જીર્ણ હાલતમાં હોય તેને અગ્રતાના ધોરણે બદલવાની તૈયારીઓ ચાલી રહી છે. જગતમંદિરના દર્શન સમય અને યાત્રીકોની અવરજવરને ધ્યાનમાં રાખીને પૂરતી તકેદારી રાખીને મંદિરના ગ્રાઉન્ડ ફલોરમાં આવેલા સભામંડપ તથા નિજમંદિર સહિતના ભાગોમાં પણ જીર્ણ થયેલા પથ્થરોની જગ્યાએ નવા પથ્થરો વડે જીર્ણોદ્ધાર કરાશે. આ કામગીરી માટે કેન્દ્ર સરકાર દ્વારા રૂપિયા ૧૮ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે.પુરાતત્વકાળના કહેવા મુજબ દ્વારકાધીશ મંદિરનું નિજ મંદિર ૧૨-૧૨ની સદીમાં બંધાયેલું છે. જયારે લાડવા મંડપ કે સભામંડપ ૧૫-૧૬મી સદીમાં બંધાયેલ છે. આ મંદિરમાં પશુદેહવાળી માનવમુખી, પરી, પાંખવાળા હાથી વગેરે વિદેશી શિલ્પો છે. આ મંદિરમાં મત્સ્ય, નૃસિંહ, વરાહે, પરશુરામ, લક્ષ?મીનારાયણ વગેરે અવતારોની મૂર્તિઓ કોતરાયેલી છે. મૌર્ય, ગુપ્ત, ગારૂલક, ચાવડા, ચાલુકય, રાજયકાલીન શિલ્પો પણ છે. જૈન અને બૌદ્ધ ધર્મના શિલ્પો પણ છે. નિજમંદિરના દરેક માળ ઉપર સ્વતંત્ર શિખરો બંધાયેલા છે. રોતાળ પથ્થરોમાંથી કંડોરાયેલા આ જગતમંદિરનું શિલ્પ વિવિધ સંસ્કૃતિને ઉદ્ઘાટિત કરતું હોવાથી જગતમંદિર તરીકે પ્રખ્યાત બન્યું છે.

# જામજોધપુરના શેઠ વડાળામાં બાળકોની તકરારમાં યુવાનની હત્યા

● જામનગર,તા.૧૧

જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના શેઠ વડાળા ગામમાં બે પાડોશીઓ વચ્ચે બાળકો અંગેની તકરારમાં મોટેરાઓ બાખડી પડ્યા પછી એક યુવાનની હત્યા નિપજાવાઈ હતી, જ્યારે તેના અન્ય બે ભાઈઓ પર હુમલો કરાયો છે. પાડોશમાં રહેતા એક મહિલા સહિતના છ આરોપીઓ સામે હત્યા સહિતની કલમ હેઠળ ગુનો નોંધાયો છે.આ હત્યાના બનાવની વિગત એવી છે કે જામજોધપુર તાલુકાના શેઠ વડાળા ગામમાં રહેતા રમેશભાઈ ભાણજીભાઈ વિરમગામ નામના ૪૫ વર્ષના યુવાન પર બાળકો અંગેની તકરારમાં તેના પાડોશમાં જ રહેતા પ્રકાશ બાબુભાઈ મકવાણા, બાબુભાઈ બચુભાઈ મકવાણા, કાનજીભાઈ બચુભાઈ મકવાણા, રણછોડભાઈ બચુભાઈ મકવાણા, દયાબેન બાબુભાઈ મકવાણા અને રવિભાઈ બાબુભાઈ મકવાણા વગેરે દ્વારા લાકડી- ધોકા વડે જીવલેણ હુમલો કરાયો હતો, જેના કારણે લોહી નિતરતી હાલતમાં સારવાર માટે જામજોધપુર ની રેફરલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.આ ઉપરાંત રમેશભાઈના અન્ય બે ભાઈઓ શૈલેષભાઈ તથા પ્રકાશભાઈને પણ માર મારવામાં આવ્યો હોવાથી તે બંનેને જામજોધપુરની સરકારી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર અપાઈ છે.શેઠ વડાળા ગામમાં બે પાડોશીઓના બાળકો ઝઘડયા હતા, જેના ઝઘડામાં બાળકોના વાલીઓ એકત્ર થઈ ગયા હતા, અને બાળકો બાદ મોટેરાઓ વચ્ચે ઝઘડો થઈ જતાં ધીંગાણું થયું હતું, અને પાડોશીના હુમલામાં રમેશભાઈ વિરમગામા ગંભીર સ્વરૂપે ઘાયલ થયા હતા. જેનું સારવારમાં મૃત્યુ નીપજ્યું હતું. આ બનાવની જાણ થતાં શેઠ વડાળા પોલીસ સ્ટેશન નો સ્ટાફ બનાવના સ્થળે તેમ જ હોસ્પિટલમાં દોડી ગયો હતો, અને મૃતકના પરિવારજનોના નિવેદનો નોંધવાનું શરૂ કર્યું છે.

# ગોંડલમાં મધરાતે ઘરમાં ઘુસી પાડોશી શખ્સે મહિલાની છેડતી કરી: રૂા.૭ હજાર પણ ચોરી ગયો

● રાજકોટ.તા.૧૧

ગોંડલમાં ગઈ મધરાતે ઘરમાં બહાર આવેલ પ્લોટમાં સુઈ રહેલ મહિલાનો એકલતાનો લાભ લઈ પ્લોટમાં ઘુસેલા પાડોશી શખ્સે શરીરે અડપલાં કરી બાથ ભરી લીધી હતી. દરમિયાન મહિલાએ બુમાબુમ કરતાં આરોપી રોકડ રૂ.૭ હજાર ભરેલ પર્સ ચોરી નાસી છૂટયો હતો. બનાવ અંગે ગોંડલ સીટી પોલીસે છેડતી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીની ગણતરીની કલાકોમાં ધરપકડ કરી કાયદાનું ભાન કરાવ્યું હતું.

બનાવ અંગે ગોંડલમાં એક વિસ્તારમાં રહેતી ૨૨ વર્ષીય પરિણીતાએ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે ભાવેશ ઉર્ફે ભાવલો મહેશ ગવારીયાનું નામ આપતાં ગોંડલ સીટી પોલીસે છેડતી અને ચોરીની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ મજૂરીકામ કરે છે અને ગઈ તા.૧૦ ની રાતે તે તેમની પુત્રી સાથે પોતાના ઘરના દરવાજા પાસે બહાર ખુલ્લા પ્લોટમાં સુતા હતાં. ત્યારે મધરાતે બે વાગ્યાના આસપાસ ત્યારે એકલતાનો લાભ લઈ તેમની ઘર સામે જ રહેતો શખ્સ ભાવેશ ઉર્ફે ભાવલો પ્લોટમાં ઘુસ્યો હતો અને ફરિયાદી સુતા હતાં ત્યાં ખાટલા પાસે ઘસી જઈ તેણીના શરીરે અડપલાં કરી છેડતી કરવાં લાગ્યો હતો. તેમજ મહિલાને બાથ ભરવા જતાં તેણી ઊંઘમાંથી જાગી ગઈ હતી અને આરોપીને ધક્કો મારી દૂર ધકેલી દિધો હતો.

# ભાવનગરમાં વિદેશી દારૂની ૨૭૯૫ અને ૪૩૨ બિયરના ટીન ઝડપાયા

● ભાવનગર,તા.૧૧

ભાવનગર એલ.સી.બી. તથા પેરોલ ફર્લો સ્કવોડ પોલીસ સ્ટાફ ભાવનગર શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં. તે દરમ્યાન બાતમી મળેલ કે અજયભાઈ મોહનભાઈ ચૌહાણ રહે.પ્લોટ નં.૪૬/બી,શેરી નં.૨, રજપૂતવાડા,સુભાષનગર,ભાવનગરવાળો તેના કબ્જા ભોગવટાની ઓરડીમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો બહારથી લાવી વેંચાણ કરે છે અને હાલ આ ઈંગ્લીશ દારૂનો જથ્થો સગેવગે કરે છે. જે બાતમી આધારે રેઈડ કરતા વિદેશી દારૂ અને બીયરનો મોટો જથ્થો ઝડપાયો હતો.પોલીસે સરફરાજ ઉર્ફે નનકો ઉર્ફે મુંગો રફીકભાઈ સૈયદ ઉ.વ.૧૮ રહે. પ્લોટ નં.૪૬/એફ, શેરી નં.૨, ૫૦-વારીયા, શંકર મંદીર પાછળ, સુભાષનગર, ભાવનગર ને ઝડપી લીધો હતો. જ્યારે કેવલ ઉર્ફે સાંગો રમેશભાઈ સોલંકી રહે.શેરી નં.૨, રજુપતવાડા, સુભાષનગર, હીરેનભાઈ ગોબરભાઈ ઢાપા રહે. શેરી નં.૨,રજુપતવાડા,સુભાષનગર, શૈલેષભાઈ ઉર્ફે સન્ની રમેશભાઈ જાદવ રહે.મુખ્યમંત્રી આવવાસ,ભરતનગર તથા અફઝલભાઈ અસલમભાઈ પઢીયાર રહે.શિહોર ને ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે.પોલીસે ઈંગ્લીશ દારૂની અલગઅલગ કંપની સીલપેક નાની-મોટી બોટલ નંગ-૨૭૯૫ કિ.રૂ.૩,૫૮,૬૭૭/-, બીયર ટીન નંગ-૪૩૨ કિ.રૂ ૫૪,૦૦૦/-, દેશી દારૂની બોટલ નંગ-૮૯ કિ.રૂ.૪૦૦૫/-, પ્લાસ્ટીકનો કાગળ , મોબાઈલ નંગ-૧ કિ.રૂ ૧૦,૦૦૦/-, એકસેસ સ્કુટર કિ.રૂ .૫૦,૦૦૦/-મળી કુલ કિ.રૂ.૪,૭૬,૬૮૨/-નો મુદ્દામાલ કબજે કરેલ છે. દરોડાની આ કામગીરીમાં પોલીસ ઈન્સ. કે.એસ.પટેલ, પો.સબ ઈન્સ. આર.એ.વાઢેર, વી.વી.ધ્રાંગુ તથા અરવિંદભાઈ મકવાણા, ભૈપાલસિંહ ચુડાસમા, ઘનશ્યામભાઈ ગોહિલ, ચંદ્રસિંહ વાળા, અલ્ફાઝભાઈ વોરા, લગ્ધીરસિંહ ગોહિલ, બળદેવભાઈ મકવાણા, સંજયસિંહ ઝાલા, સત્યજીતસિંહ ચુડાસમા, મજીદભાઈ શમા જોડાયા હતા.

**પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન**

**એન્જિનિયરિંગ વિભાગ**

ઈ-ટેન્ડર નોટિસ નંબર **DYCE-BR-BRC-10-2024;** ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બ્રિજ-લાઈન) વડોદરા, પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004; નીચે જણાવેલ કામો માટે ઈ-ટેન્ડર આવકારે છે.: **અ.નં. (1) ટેન્ડર નંબર: DYCE-BR-BRC-10-2024, કામનું નામ:** "વડોદરા-ગેરતપુર સેક્શન: SSE (બ્રિજ) BRC ના અધિકારક્ષેત્રમાં 160 KMPH સુધી સ્પીડના અપડેશન સાથે સંબંધિત PSC અને સ્ટીલ બ્રિજ પર સાઇડ પાથવે પૂરો પાડવો". **કામનો અંદાજીત ખર્ચ:** ₹ 4,47,34,127.77/- **જમા કરાવવાની બિડ સિક્યોરિટી:** ₹ 3,73,700.00/- **ટેન્ડર જમા કરાવવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** ટેન્ડર તા. **12.07.2024** ના રોજ 15:00 ક્લાક પહેલાં જમા કરાવવા અને તે એ જ દિવસે 15:30 ક્લાકે ખોલાશે. **વેબસાઈટની વિગત અને નોટિસ બોર્ડનું સ્થળ જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગત જોઈ શકાશે:** વેબસાઈટ @ **www.ireps.gov.in** ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બ્રિજ-લાઈન) વડોદરા પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા - 390 004

W.65/1/18/DE-NIT/PB/BRC/2023-24 074

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન**

**એન્જિનિયરિંગ વિભાગ**

ઈ-ટેન્ડર નોટિસ નંબર **DYCE-BR-BRC-09-2024;** ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બ્રિજ-લાઈન) વડોદરા, પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004; નીચે જણાવેલ કામો માટે ઈ-ટેન્ડર આવકારે છે.: **અ.નં. (1) ટેન્ડર નંબર: DYCE-BR-BRC-09-2024, કામનું નામ:** "મિયાગામ-ગોધરા સેક્શન: SSE (બ્રિજ) BRC ના અધિકારક્ષેત્રમાં 160 KMPH સુધી સ્પીડના અપડેશન સાથે સંબંધિત PSC અને સ્ટીલ બ્રિજ પર સાઇડ પાથવે પૂરો પાડવો." **કામનો અંદાજીત ખર્ચ:** ₹ 3,46,20,839.26/- **જમા કરાવવાની બિડ સિક્યોરિટી:** ₹ 3,23,100.00/- **ટેન્ડર જમા કરાવવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** ટેન્ડર તા. **12.07.2024** ના રોજ 15:00 ક્લાક પહેલાં જમા કરાવવા અને તે એ જ દિવસે 15:30 ક્લાકે ખોલાશે. **વેબસાઈટની વિગત અને નોટિસ બોર્ડનું સ્થળ જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગત જોઈ શકાશે:** વેબસાઈટ @ **www.ireps.gov.in** ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બ્રિજ-લાઈન) વડોદરા પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા - 390 004

W.65/1/19/DE-NIT/PB/BRC/2023-24 073

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**Bharat Parenterals Limited**

CIN NO: L24231GJ1992PLC018237

**Registered Office & Works:**
At Survey No.144A, Village: Haripura, Ta.Savli,
Dist. Vadodara - 391520 Gujarat, INDIA
Tel No.: (02667) 251679, 251680, 251669,9909928332
E-mail: info@bplindia.in, Web: www.bplindia.in
**(WHO-GMS CERTIFIED * STAR EXPORT HOUSE)**

**NOTICE**

NOTICE is hereby given that 31st Annual General Meeting (AGM) of the Company will be held on Tuesday, July 02nd, 2024 at 11:00 A.M. through Video Conference ("VC") / Other Audio-Visual Means ("OAVM'") to transact the business, as set forth in the Notice of the 31st AGM.

1. In view of the continuing Covid-19 pandemic, the Ministry of Corporate Affairs ("MCA') has vide its General Circular dated 14/2020 dated April 8, 2020 read with Circular No. 17/2020 dated April 13, 2020, Circular No. 20/2020 dated 05 May 2020, General Circular No. 02/2021 dated 13th January, 2021 and General Circular No. 02/2022 dated 05th may, 2022 (hereinafter collectively referred to as "MCA Circulars") permitted the holding of AGM through VC or OAVM without the physical presence of Members at a common venue. In compliance with these MCA Circulars and the relevant provisions of the Companies Act, 2013 and SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 dated 12 May, 2020 and SEBI/HO/CFD/CMD2/CIR/P/2022/62 dated 13 May, 2022 issued by SEBI, AGM of the Members of the Company will be held through VC/OAVM.
2. The Notice convening the 31st Annual General Meeting and the Annual Report for F.Y. 2023-24 is available on the website of the company www.bplindia.in. The notice of the 31st AGM is sent to the shareholders along with the link of website of the company were Annual Report for FY 2023-24 is published, sent through electronic mode to those shareholders whose E-mails ID's are registered with RTA and Depositories. The AGM is conducted to consider and approve following transactions as set in 31st AGM Notice.
3. The Company will be providing remote e-voting facility ("remote e-voting') to all its Members to cast their votes on all resolutions set out in the Notice of the 31st AGM as well as the facility of voting through e-voting system during the AGM. Detailed procedure for remote e-voting/ e-voting is provided in the Notice of the AGM. The E-voting period shall commence from 28th June, 2024 at 09:00 A.M. (IST) to 1st July, 2024 05:00 P.M. (IST). Remote E-Voting shall not be allowed beyond such period. In case of any queries, you may refer the Frequently Asked Questions (FAQs) for Shareholders and e-voting user manual for Shareholders available at the download section of www.evoting.nsdl.com or call on toll free no.: 1800 1020 990 and 1800 22 44 30 or send request at evoting@nsdl.co.in.
4. The Register of Members & Share Transfer Register of the Company will remain closed from June 26th 2024 to July 2nd, 2024 (both days inclusive) for the purpose of 31st Annual General Meeting.

In case of any query, clarification or grievances members may contact Ms. Krutika Bhattbhatt, Company Secretary, Survey No. 144-A, Haripura, Savli, Vadodara-391520, Gujarat. Contact No. 9909928332, E-Mail-cs@bplindia.in

By order of the Board
For Bharat Parenterals Limited
Sd/-
**Bharat R. Desai**
**Managing Director**

Place: Vadodara
Date: 11th June,2024

Styrenix PERFORMANCE MATERIALS

**સ્ટાયરેનિક્ષ પરફોર્મન્સ મટેરીયલ્સ લિમિટેડ**

**રજીસ્ટર્ડ ઓફિસ :** ૯મો માળ, "શિવા" સારાભાઈ કોમ્પ્લેક્ષ, ડૉ. વિક્રમ સારાભાઈ માર્ગ, વડીવાડી, વડોદરા - ૩૯૦ ૦૨૩, ગુજરાત.

**CIN:** L25200GJ1973PLC002436

ફોન : +૯૧ ૨૬૫ ૨૩૦૩૨૦૧ / ૨૩૦૩૨૦૨

**E mail :** secshare@styrenix.com | **Website :** www.styrenix.com

**નોટીસ**

**ઇન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ (IEPF) સસ્પેન્સ એકાઉન્ટમાં કંપનીના ઇક્વિટી શેર્સના ટ્રાન્સફર માટે**

આથી નોટીસ આપવામાં આવે છે કે સમયાંતરે સુધારેલ, કોર્પોરેટ કાર્ય મંત્રાલય દ્વારા સૂચિત થતા ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ ઓથોરીટી (એકાઉન્ટિંગ, ઓડિટ, ટ્રાન્સફર અને રિફંડ) નિયમો, ૨૦૧૬ ("નિયમો") અન્વયે કંપની અધિનિયમ, ૨૦૧૩ ("અધિનિયમ") ની કલમ ૧૨૪ ની જોગવાઈઓ મુજબ, કંપનીના ઈક્વિટી શેરો કે જેના પર ડિવિડન્ડ ચૂકવવામાં નથી આવ્યું અથવા સતત સાત (૭) વર્ષ અથવા તેથી વધુ વર્ષ માટે કલેમ કરવામાં નથી આવ્યો તેવા શેરો કંપની દ્વારા ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફન્ડ (આઈઈપીએફ) સસ્પેન્સ એકાઉન્ટ માં ટ્રાન્સફર કરવા જરૂરી છે.

નિયમોમાં જણાવાયેલી વિવિધ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, યોગ્ય પગલાં લેવા માટે, કંપનીએ તા. ૧૧ જુન, ૨૦૨૪ ના રીમાઈન્ડર લેટર દ્વારા શેર હોલ્ડરોને તેમના કંપનીમાં નોંધાયેલા સરનામે યોગ્ય પગલાં લેવા વિષે જાણ કરી હતી, કે જેમના શેર ઉક્ત નિયમો હેઠળ આઈઈપીએફ સસ્પેન્સ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવા માટે પાત્ર છે.

કંપનીની વેબસાઈટ www.styrenix.com પર આવા શેરહોલ્ડરો અને આઈઈપીએફ સસ્પેન્સ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવાપાત્ર શેર્સની વિગતો અપલોડ કરવામાં આવી છે. શેરહોલ્ડર્સ વેબસાઈટમાંથી અનકલેમ્ડ ડિવિડન્ડ અને આઈઈપીએફ સસ્પેન્સ એકાઉન્ટમાં ટ્રાન્સફર માટે પાત્ર શેરની વિગતો ચકાસી શકે છે તથા ટ્રાન્સફર થતાં પહેલાં તેમના ડિવિડન્ડ અને શેર કલેઈમ કરવા માટે કંપનીનો તાત્કાલિક સંપર્ક કરી શકે છે.

ભૌતિક સ્વરૂપમાં શેર ધરાવતા સંબંધિત શેરહોલ્ડરો નોંધ રાખી શકે છે કે કંપની, નિયમો મુજબ આઈઈપીએફ સસ્પેન્સ એકાઉન્ટમાં શેર્સનાં ટ્રાન્સફરના હેતુઓ માટે તેમના દ્વારા રાખવામાં અવેલા મૂળ શેર પ્રમાણપત્રો ને બદલે ડુપ્લિકેટ શેર પ્રમાણપત્ર (ઓ) આપશે અને આવા શેરના ઈશ્યુ પર મૂળ શેર પ્રમાણપત્ર, જે તેમના નામ પર રજીસ્ટર્ડ છે, તે આપમેળે રદ થઈ જશે અને બિન-વટાઉ તરીકે માનવામાં આવશે અને ઈલેક્ટ્રોનીક સ્વરૂપમાં શેર ધરાવતા શેરહોલ્ડરોને તેમના આવા આઈઈપીએફમાં ટ્રાન્સફર થવા પાત્ર શેર તેમના ડિમેટ એકાઉન્ટમાં ડેબીટ તરીકે જણાશે. વધુમાં શેરહોલ્ડરો નોંધ રાખી શકે છે કે કંપની દ્વારા તેની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવેલી વિગતોને ધ્યાનમાં લેવી જોઈએ અને નિયમો અનુસાર, આઈઈપીએફ સસ્પેન્સ એકાઉન્ટમાં શેર્સના ટ્રાન્સફરના હેતુસર કંપની દ્વારા ડુપ્લિકેટ શેર પ્રમાણપત્ર (ઓ) ના ઈશ્યુના સંદર્ભમાં યોગ્ય નોટિસ માનવામાં આવશે.

જો કંપની **૩૧ ઑગસ્ટ, ૨૦૨૪** સુધી સંબંધિત શેરહોલ્ડરો પાસેથી કોઈપણ પ્રકારનો કાયદેસરનો દાવો / જવાબ નહીં મળે, તો કંપની ઉક્ત નિયમોની જરૂરિયાતોનું પાલન કરવાના દૃષ્ટિકોણ સાથે, શેરહોલ્ડરોને અન્ય કોઈપણ વધુ નોટિસ વિના, નિયમોમાં નિયત પ્રક્રિયા મુજબ નિયત તારીખ સુધી શેરને આઈઈપીએફ સસ્પેન્સ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરશે, ત્યાર બાદ આવા ટ્રાન્સફર કરાયેલા શેરો અંગે કંપનીની કોઈ પણ પ્રકારની જવાબદારી રહેશે નહીં.

શેરહોલ્ડર્સ નોંધી શકે છે કે બંને આઈઈપીએફ સસ્પેન્સ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરેલા અનક્લેમ્ડ ડિવિડન્ડ અને શેર્સ, અને આવા શેર્સ પર પ્રાપ્ત થતા તમામ લાભો સહિત, જો કોઈ હોયતો, નિયમોમાં સૂચિત કાર્યવાહીને અનુસરીને આઈઈપીએફ ઓથોરિટી પાસેથી તેઓ ફરીથી કલેમ કરી શકે છે.

જો શેરધારકોને ઉપરોક્ત વિષય અંગે કોઈપ્રશ્ન હોય તો તેઓ કંપનીને તેની રજીસ્ટર્ડ ઓફિસ ઉપર અથવા કંપનીના રજીસ્ટ્રાર એન્ડ શેર ટ્રાન્સફર એજન્ટ લીંક ઈનટાઈમ ઈન્ડિયા પ્રા. લિમિટેડ, "ગીતાકુંજ", ૧, ભક્તિનગર સોસાયટી, એબીએસ ટાવર્સની પાછળ, જુના પાદરા રોડ, વડોદરા - ૩૯૦૦૧૫, ટેલીફોન નં. (૦૨૬૫) ૩૫૬૬૭૬૮, ઈ-મેઈલ : vadodara@linkintime.co.in નો સંપર્ક કરી શકશો.

બોર્ડના આદેશ દ્વારા
**સ્ટાયરેનિક્ષ પરફોર્મન્સ મટેરીયલ્સ લિમિટેડ માટે**
સહી/-
**ચિંતન દોશી**
મેનેજર લીગલ એન્ડ કંપની સેક્રેટરી

તારીખ : ૧૧ જુન, ૨૦૨૪
સ્થળ : વડોદરા